# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-12-2024** **Midday : 1.20 to 1.30**

**Day : Friday** **National News**

આકાશવાણી સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

****************************************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પ્રયાગરાજમાં સંગમ સ્થળ પર પૂજા અર્ચન કર્યા.
2) બંધારણ સ્વીકારની 75મી વર્ષગાંઠ પર લોકસભામાં ચર્ચાનો પ્રારંભ. - વિરોધ પક્ષોનાં શોરબકોરને પગલે રાજ્યસભાની કાર્યવાહી સોમવાર પર મુલતવી
3) રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ, પ્રધાનમંત્રી સહિતનાં નેતાઓએ સંસદ પરનાં હૂમલામાં શહીદ જવાનોને શ્રધ્ધાંજલિ અર્પણ કરી.
4) ગાઝા પટ્ટીમાં ઇઝરાયેલી દળોનાં હૂમલામાં 27 પેલેસ્ટિની નાગરિકોનાં મૃત્યુ.
5) બેડમિન્ટન વર્લ્ડ ટૂરની ફાઇનલમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદનો જાપાન સામે પરાજય.

**************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# REV. PM – PYAYAGRAJ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રયાગરાજમાં ગંગા, યમુના અને સરસ્વતિના પવિત્ર સંગમ સ્થળ પર પૂજા-અર્ચના કરી હતી. આવતા વર્ષે 13 જાન્યુઆરીથી 26 ફેબ્રુઆરી સુધી ચાલનારા મહાકુંભ પૂર્વે પ્રધાનમંત્રી આજે સાત હજાર કરોડ રૂપિયાના વિવિધ વિકાસ કાર્યોનું ઉદ્ઘાટન કરશે..

શ્રી મોદીએ ઐતિહાસિક અક્ષય વટવૃક્ષની પૂજા કર્યા બાદ હનુમાન મંદિર અને સરસ્વતી કૂપના દર્શન કર્યા હતાં. શ્રી મોદી મહાકુંભ પ્રદર્શન સ્થળની પણ મુલાકાત લેશે અને કુંભ મેળાની તૈયારીઓની સમીક્ષા કરશે. તેઓ મહાકુંભના મુલાકાતીઓને મદદ માટે રચાયેલા ચેટબોટનું પણ ઉદ્ઘાટન કરશે. આ ચેટબોટથી કુંભ મેળાનું સંગઠન વધુ સંગઠિત અને સુલભ બનશે અને સાંસ્કૃતિક અને આધ્યાત્મિક કેન્દ્ર તરીકે પ્રયાગરાજની ઓળખ વધુ મજબૂત થશે.

પ્રધાનમંત્રી પ્રયાગરાજમાં 10 નવા રોડ, ઓવર બ્રિજ, ફ્લાયઓવર, કાયમી ઘાટ અને નદી કિનારાના રસ્તાઓનું ઉદ્ઘાટન કરશે. શ્રી મોદી ગંગા નદીમાં દૂષિત પાણીના પ્રવાહને રોકવા માટેની યોજનાનો પણ આરંભ કરાવશે.

..........................................................................

પુલ, અનિલ પટેલ

# LOK SABHA – CONSTITUTION DEBATE

લોકસભામાં આજે બંધારણ પર બે દિવસની ચર્ચા શરૂ થઈ છે. ભારતીય બંધારણના સ્વીકારના 75 વર્ષ નિમિત્તે આ ચર્ચા કરવામાં આવી રહી છે. ચર્ચા માટે 12 કલાકનો સમય ફાળવવામાં આવ્યો છે. આજે સત્રના પ્રારંભમાં પ્રશ્નકાળ બાદ સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે ચર્ચાની શરૂઆત કરી હતી.

**(બાઈટ રાજનાથ સિંહ)**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે બે દિવસીય ચર્ચા પર પોતાનો પ્રતિભાવ રજૂ કરે તેવી સંભાવના છે. ચર્ચા પહેલાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે રણનીતિ બેઠક યોજી હતી. આ બેઠકમાં સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ, ગૃહ મંત્રી અમિત શાહ અને ભાજપ અધ્યક્ષ જે.પી. નડ્ડા ઉપસ્થિત રહ્યા હતા.

રાજ્યસભામાં બંધારણ પર 16 અને 17 ડિસેમ્બર ચર્ચા થશે. સંસદના શિયાળુ સત્રમાં બંધારણ પર ચર્ચા વિરોધ પક્ષોની મુખ્ય માંગ રહી છે. ભારતીય બંધારણ સભાએ 26 નવેમ્બર 1949ના રોજ બંધારણને મંજૂરી આપી હતી અને 26 જાન્યુઆરી 1950થી તેનો અમલ થયો હતો. વર્ષ 2015માં, નરેન્દ્ર મોદી સરકારે 1949માં ભારતીય બંધારણની મંજૂરીના સન્માનમાં 26 નવેમ્બરને બંધારણ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

..............................................................................

- પુલ, અનિલ પટેલ

# RAJYA SABHA

**આજે રાજ્યસભાની કાર્યવાહી શરૂ થતાં જ વિરોધ પક્ષોએ સભાપતિ જગદીપ ધનખડ સામે અવિશ્વાસ પ્રસ્તાવ મુદ્દે શોરબકોર કર્યો હતો.**

**સભાપતિએ વિપક્ષના સાંસદોને ગૃહની કાર્યવાહી ચાલવા દેવા વારંવાર વિનંતી કરી હતી. તેમણે વિપક્ષી સાંસદો પર બંધારણનું અપમાન કરવાનો આક્ષેપ કર્યો હતો અને ચર્ચા કરવા માટે આહવાન કર્યું હતું. વારંવાર વિનંતી છતાં સાંસદોએ વિરોધ ચાલુ રાખતાં સભાપતિએ ગૃહની કાર્યવાહી સોમવાર પર મોકૂફ રાખી હતી.**

..............................................................................

- ડીડી પરથી લાઇવ અનિલ

# PREZ-PM PARLIAMENT ATTACK

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને પ્રધાનમંત્રીએ આજે 2001માં સંસદ પર થયેલા હૂમલામાં દેશ માટે બલિદાન આપનારા જવાનોને શ્રધ્ધાંજલિ આપી છે. સોશિયલ મિડીયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ સલામતી જવાનોનાં શૌર્ય અને નિઃસ્વાર્થ બલિદાનને યાદ કર્યું હતું.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ જણાવ્યું હતું કે, શહીદ જવાનોનું બલિદાન રાષ્ટ્રને પ્રેરણા આપતું રહેશે. શ્રી મોદીએ જણાવ્યું કે, રાષ્ટ્ર આ જવાનોના શૌર્ય અને સમર્પિતતા માટે હંમેશા ઋણી રહેશે.

દરમિયાન, આજે સવારે ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અમિત શાહ તથા સાંસદોએ સંસદ પરિસરમાં વર્ષ 2001માં સંસદ પર થયેલા હૂમલાનાં શહીદ જવાનોને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ શહીદોને શ્રદ્ધાંજલી આપતા આ મુજબ જણાવ્યું

**(બાઈટ)**

..................................................................................

- પુલ, અનિલ પટેલ

# MID BREAK- NEWS

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

..............................................................................

રિપીટ

# RBI - BOMB THREAT EMAIL

રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને દિલ્હીની 6 શાળાઓને આજે ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે. રશિયન ભાષામાં લખાયેલ ઈમેલ રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા સત્તાવાર વેબસાઈટ પર મોકલવામાં આવ્યો હતો. મુંબઈ પોલીસે આ અંગે કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ સાથે દિલ્હીની 6 શાળાઓને પણ  આજે ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી હતી. અધિકારીઓને માહિતી મળતાની સાથે જ આ શાળાના વિદ્યાર્થીઓને ઘરે પરત મોકલી દેવામાં આવ્યા  હતા. બોમ્બ ડિટેક્શન ટીમ અને ફાયર ઓફિસર ઘટના સ્થળે હાજર છે.

ઉલ્લેખનીય છે કે, રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા અને દિલ્હીની કેટલીક શાળાઓને આ બીજી વખત ઈમેલ દ્વારા બોમ્બની ધમકી મળી છે.

..........................................................................................

પુલ, બકુલા પરમાર

# ISRAEL- GAZA

ગાઝા પટ્ટીમાં અલ-નુસેરિયાતની શરણાર્થી શિબિરમાં રહેણાંકની ઇમારતો પર ઇઝરાયેલના હૂમલામાં 27 પેલેસ્ટિની નાગરિકોનાં મૃત્યુ થયા હતા, જ્યારે 12 લોકોને ઇજા થઈ હતી.

પેલેસ્ટાઇનના નાગરિક સંરક્ષણ પ્રવક્તા મહેમૂદ બસલે જણાવ્યું હતું કે, ઇઝરાયેલનાં દળોએ સરકારી પોસ્ટ ઓફિસની ઇમારત ધરાવતા વિસ્તારમાં બોંબમારો કર્યો હતો. હાલ બચાવ અભિયાન ચાલુ છે અને મૃત્યુઆંક વધે તેવી સંભાવના છે.

.................................................................................

- પુલ, અનિલ પટેલ

# DAY BADMINTON - UPDATE

ચીનના હાંગઝોઉમાં રમાઈ રહેલી બેડમિન્ટન વર્લ્ડ ટૂરની ફાઇનલમાં ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની ભારતીય જોડીનો પરાજ્ય થયો છે. આ જોડીનો વિમેન્સ ડબલ્સના ત્રીજા ગ્રૂપ સ્ટેજની મેચમાં જાપાનની ખેલાડી નામી માત્સુયામા અને ચિહારુ શિડાની જોડી સામે 17-21, 13-21થી પરાજય થયો છે. આ સાથે, BWF વર્લ્ડ ટૂર ફાઇનલમાં ભારતનું અભિયાન સમાપ્ત થયું છે.

..........................................................................

- પુલ, બકુલા પરમાર

# CHHATTISGARH - MAOISTS ENCOUNTER

છત્તીસગઢમાં આજે સુરક્ષા દળો સાથેની અથડામણમાં બે માઓવાદીઓ માર્યા ગયા છે. કેન્દ્રીય અનામત પોલીસ દળની કોબ્રા બટાલિયન અને જિલ્લા અનામત ગાર્ડની સંયુક્ત ટીમે બીજાપુર જિલ્લાના બાસાગુડા વિસ્તારમાં તપાસ અભિયાન દરમિયાન થયેલી અથડામણમાં બે માઓવાદી માર્યા ગયા હતા. સુરક્ષા દળોએ ઘટનાસ્થળેથી મોટી માત્રામાં હથિયારો અને દારૂગોળો જપ્ત કર્યો છે. આ વિસ્તારમાં હજુ પણ તપાસ ચાલી રહી છે.

..................................................................................

પુલ, બકુલા પરમાર

# TUNISIA- BOAT

ટ્યુનિશિયામાં શરણાર્થીઓને લઈ જતી બોટ ડૂબી જતાં લગભગ નવ લોકોના મોત અને ઘણા લોકો ઇજાગ્રસ્ત થયા છે. અહેવાલોમાં જણાવ્યા અનુસાર, ખરાબ હવામાનને કારણે બોટ ડૂબી ત્યારે તેમાં સબ-સહારન આફ્રિકન દેશોના 42 મુસાફરો સવાર હતા. ટ્યુનિશિયાના તટરક્ષક દળે નવ લોકોના મૃતદેહ બહાર કાઢ્યા છે અને લાપતા છ અન્ય લોકોની શોધ ચાલી રહી છે.

ઉલ્લેખનીય છે કે, યુરોપમાં વધુ સારા જીવનની આશામાં સમગ્ર આફ્રિકામાંથી શરણાર્થીઓ અને સ્થળાંતર કરનારાઓ પાડોશી ટ્યુનિશિયામાં પ્રસ્થાન કરે છે.

..........................................................................

- પુલ, બકુલા પરમાર

# TAMIL NADU-FIRE

તમિલનાડુમાં, ડીંડીગુલની એક હોસ્પિટલમાં ગઈકાલે રાત્રે લાગેલી ભીષણ આગમાં એક બાળક સહિત ઓછામાં ઓછા છ લોકોના મોત થયા હતા અને અનેક લોકો ઘાયલ થયા હતા.

આગ બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફ્લોર પર ઇલેક્ટ્રિકલ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું કહેવાય છે. તે સમયે દર્દીઓ, એટેન્ડન્ટ્સ અને સ્ટાફ સહિત 50થી વધુ લોકો હાજર હતા. તામિલનાડુના મુખ્યમંત્રી એમ. કે. સ્ટાલિને મૃતકોનાં પરિવારજનોને ત્રણ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાની જાહેરાત કરી છે.

.............................................................................

- પુલ, સિમ્પલ, અનિલ પટેલ

# EU- SCHENGEN

રોમાનિયા અને બલ્ગેરિયા આવતા વર્ષે પહેલી જાન્યુઆરીથી યુરોપીયન સંઘના સીમા મુક્ત શેંગેન ઝોનમાં સંપૂર્ણ રીતે જોડાવા માટે તૈયાર છે.

યુરોપિયન સંસદના પ્રમુખ રોબર્ટા મેત્સોલાએ સોશિયલ મીડિયા પર પોસ્ટ કરીને બંને દેશોના લોકોને અભિનંદન પાઠવ્યા છે. તેમણે કહ્યું કે, મજબૂત શેંગેન વધુ સુરક્ષિત અને સંયુક્ત યુરોપનું પ્રતીક છે.

સરહદ-મુક્ત શેંગેન વિસ્તાર 42 લાખથી વધુ યુરોપિયન સંઘના નાગરિકો તેમજ બિન- યુરોપિયન સંઘના નાગરિકો અથવા પ્રવાસીઓને મુક્ત હેરફેરની ખાતરી આપે છે. શેંગેન  યુરોપિયનની આંતરિક સરહદો પર તપાસને નાબૂદ કરવાની જોગવાઈ કરે છે અને 90 દિવસ સુધી શેંગેન વિસ્તારમાં પ્રવેશતા મુલાકાતીઓને સમાન નિયમો લાગુ પડે છે.

.............................................................................

- પુલ, જયેશ વેગડા (સવારની બાકી)